મહત્તમ : ૩૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૪ ડીગ્રી
ભેજ
સવારે ૭૧ ટકા ● સાંજે ૩૯ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરના સ્પોર્ટસ સંકુલની મુલાકાતે કિરણ રિજિજુ

કેન્દ્રિય ખેલ મંત્રી કિરણ રિજિજુની ખેલ મંત્રી બન્યા પછી સાઈ ખાતે પહેલી મુલાકાત : સાઈ ખાતે ૩૦૦ બેડની બે નવી હોસ્ટેલ બનશે : ગાંધીનગર સાઈ કેન્દ્રને પેરા હાઈ પરફોર્મન્સ કેન્દ્ર તરીકે વિકસાવશે : દરેક ખેલાડીને તમામ કક્ષાએ સન્માન મળવું જ જોઈએ : સાઈની સુવિધા પૂરતી ના હોવાના એકરાર સાથે રિજિજુએ તેને તમામ સ્તરે વિકસાવવાની ખાતરી આપી

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરમાં આજે પધારેલા કેન્દ્રિય રમતગમત મંત્રી કિરણ રિજિજુએ કહ્યું હતું કે "તેઓ ટૂંક સમયમાં ભારતમાં હવે નવી રમતગમત પોલીસી સંસદમાં રજૂ કરશે જે અંતર્ગત દરેક ખેલાડીને શરૂઆતથી છેક સુધીની આંતરરાષ્ટ્રીય કક્ષાની સુવિધાઓ અને તાલીમ આપવામાં આવશે તેમજ પૂરતું પ્રોત્સાહન પણ આપવામાં આવશે જે માટે સરકાર જેટલી જરૂર પડશે તેટલા નાણાં ફાળવશે. દરેક ખેલાડીને તમામ કક્ષાએ સન્માન મળવું જ જોઈએ તેવું જણાવ્યા સાથે તેમણે કહ્યું હતું કે જે ખેલાડીએ ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હોય તે પછી હાલ રમતમાં હોય કે નિવૃત થઈ ગયો હોય તેને આર્થિક સંકડામણનો સામનો ના કરવો પડે તેવી વ્યવસ્થા કરવાનું વિચારવામાં આવી રહ્યું છે. આ સાથે તેમણે જણાવ્યુ હતું કે "ગાંધીનગરના સાઈ કેન્દ્ર ખાતે પેરા સ્પોર્ટ્સ એક્સેલન્સ સેન્ટરનો વિકાસ કરવામાં આવશે તેમજ અહી ૩૦૦ પથારીવાળી ૨ નવી હોસ્ટેલનું નિર્માણ કરાશે જેમાંથી એક હોસ્ટેલનું કામ ટૂંક જ સમયમાં ઝડપથી ચાલુ થઈ જશે. આ સાથે સમગ્ર સાઈ સંકુલમાં જે સુવિધા ઉપલબ્ધ છે તેને તમામ સ્તરેથી આધુનિક રીતે વિકસાવવામાં આવશે."

સાઈ ખાતે ચાર રમતો માટે પેરા હાઈ પર્ફોર્મન્સ ટ્રેનીંગ સેન્ટર વિકસાવશે

કેન્દ્રિય ખેલ મંત્રી કિરણ રિજિજુએ જણાવ્યુ હતું કે ગાંધીનગર સાઈ કેમ્પસ ખાતે દિવ્યાંગ ખેલાડીઓને તાલીમ માટે ખાસ હાઈ પર્ફોર્મન્સ ટ્રેનીંગ સેન્ટર વિકસાવવામાં આવશે જેમાં ખાસ કરીને એથ્લેટિક્સ, પાવર લિફ્ટિંગ, સ્વિમિંગ અને બેડમિંટન એમ ચાર રમતો માટે કેન્દ્ર બનાવવામાં આવશે. આ માટે સરકાર જેટલા પણ નાણાં જરૂર પડશે તે ખર્ચતા અચકાશે નહીં.

કેન્દ્રિય ખેલ મંત્રી કિરણ રિજિજુ સાથે રાજ્યના યુવા સાંસ્કૃતિક અને રમતગમત મંત્રી ઈશ્વરસિંહ પટેલ, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતનાં સચિવ ડી ડી કાપડિયા, નેહરૂ યુવા કેન્દ્રના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પ્રદીપસિંહ વાઘેલા, ડાયરેકટર અનિલ કૌશિક, ગાંધીનગર જિલ્લાના યુથ કો. ઓર્ડીનેટર રજનીકાંત સુથાર સહિત અન્ય સરકારી અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સાઈ કેમ્પસ ખાતે કિરણ રિજિજુનું સ્વાગત સ્પોર્ટ્સ ઑથોરિટી ઓફ ઈન્ડિયાના ઇન-ચાર્જ અને ડેપ્યુટી ડાયરેક્ટર વીરસિંઘ ચૌહાણે કર્યું હતું અને તેમણે સાઈ સંકુલ અંગે પ્રાથમિક માહિતી આપી હતી.

ગાંધીનગરમાં આજે કેન્દ્રિય ખેલ મંત્રી કિરણ રિજિજુએ સેક્ટર-૧૫માં સ્પોર્ટ્સ ઑથોરિટી ઓફ ઈન્ડિયાના કેમ્પસની મુલાકાત લીધી હતી અને અહીના તાલીમાર્થી બાળકો સાથે ભોજન પણ કર્યું હતું. રિજિજુએ કેમ્પસમાં હોસ્ટેલના ભોજનથી માંડીને રૂમ, મેદાનમાં ટ્રેકથી માંડીને સ્વિમિંગ પૂલ સહિતની જાત મુલાકાત લીધી હતી અને તેમના જુસ્સાભર્યા અભિગમથી સૌને પ્રભાવિત કર્યા હતા. મુલાકાત દરમ્યાન તેમણે તાલીમાર્થી બાળકો, દિવ્યાંગ ખેલાડીઓ તથા કોચ અને અધિકારીઓ સહિત દરેકની સાથે વાતચીત કરી હતી અને પાયાની સુવિધાઓ જેવી કે ભોજનની ગુણવત્તા, સાધનોની સુવિધા સહિત તમામ બાબતે ઝીણવટપૂર્વક જાણકારી મેળવી હતી. આ ઉપરાંત તેમણે સાઈ કેમ્પસમાં વૃક્ષારોપણ પણ કર્યું હતું. આ સાથે હીમતનગરથી આવેલી સ્પોર્ટ્સ ઑથોરિટી ઓફ ગુજરાતની ગર્લ્સ ફૂટબોલ એકેડેમીની ટીમે હાથેથી બનાવેલી ફૂટબોલના મેદાનની પ્રતિકૃતિ ભેટ આપી હતી. પત્રકારોની સાથે વાતચીત દરમ્યાન રિજિજુએ ભૂતકાળમાં પણ તેઓ જ્યારે સાંસદ નહોતા ત્યારે પણ ગાંધીનગર આવ્યા હતા તે યાદો વગોળી હતી અને ગુજરાતીઓને હકારાત્મક વિચારસરણી વાળા ગણાવ્યા હતા.

કિરણ રિજિજુએ વૃક્ષ વાવી તેના વિકાસની આડકતરી ખાતરી લીધી

સાઈ કેમ્પસ ખાતે કિરણ રિજિજુએ આજે વૃક્ષારોપણ કર્યું હતું અને તેમની સાથે ઈશ્વરસિંહ પટેલે પણ વૃક્ષારોપણ કર્યું હતું. આ પ્રસંગે રિજિજુએ હળવાશથી કહ્યું હતું કે હું ફરી અહી આવું ત્યારે આ છોડનો વિકાસ થઈને મોટું વૃક્ષ બની ગયું હશે. આમ તેમણે આડકતરી રીતે છોડની સરસંભાળની ખાતરી લઈ લીધી હતી.

ગણેશોત્સવ દરમિયાન બેસ્ટ સિંગર ઓફ ધ સિટી સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૧૩

પાટનગરની સ્થાપના કાળથી ઉજવાતો સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા ઉજવાતો ગણેશોત્સવ આ વર્ષે ૫૦મું વર્ષ ઉજવશે. જે સંદર્ભે બેસ્ટ સિંગર ઓફ ધ સિટી ૨૦૧૯ ગાયન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ તા. ૨ સપ્ટેમ્બરથી તા. ૯ સપ્ટેમ્બર દરમિયાન સે-૨૨ના રંગમંચમાં યોજાશે. આ સ્પર્ધા ગ્રૂપ-એ જેમાં ૬ થી ૧૫ વર્ષ, ગ્રૂપ-બી જેમાં ૧૬ થી ૩૦ વર્ષ અને ગ્રૂપ-સી જેમાં ૩૧ થી ૫૦ વર્ષ અને ગ્રૂપ-ડી જેમાં ૫૦થી વધુ એમ ૪ વિભાગમાં યોજાશે. જેના ફોર્મ ૧૦ ઓગષ્ટ સુધીમાં મિનાક્ષી ટ્રેડર્સ, પ્લોટ નં. ૩૮૧, સે-૧૬ ફોન નં. ૨૩૨૩૩૩૯૯ ખાતેથી લઈ જમા કરવા સંસ્થા દ્વારા જણાવાયું છે. જેમાં ભાગ લેવા સંસ્થાના અધ્યક્ષ નિશીત વ્યાસ, આશાબેન સરવૈયા, ડૉ. ચેતનાબેન બુચ અને પ્રોગ્રામ કો ઓર્ડીનેટર શૈલેશ પવાર દ્વારા જણાવાયું છે.

આજે દત્ત મંદિરમાં વકતવ્ય યોજાશે

ગાંધીનગર, તા.૧૩

આજે દત્તમંદિર સે-૨૮ ખાતે ગુરૂપૂર્ણિમા નિમિત્તે સાંજે ૫ થી ૬ દરમિયાન વકતવ્ય યોજાશે તો શહેરીજનોને આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેવા દત્ત મંદિર સમાજ દ્વારા જણાવાયું છે.

ભારતીબાપુના જન્મદિન નિમિત્તે સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર, તા.૧૩

સુંદરધામ પરિવાર દ્વારા ભારતી બાપુના જન્મદિન નિમિત્તે તા. ૧૭ જુલાઈના રોજ સાંજે ૪ થી ૭ કલાક દરમિયાન સે-૧૨ સ્થિત ડૉ. બાબા સાહેબ આંબેડકર ભવન ખાતે સુંદરકાંડના પાઠ યોજાશે. શ્રાવણ માસમાં હરિદ્વાર કથામાં આવનાર યાત્રિકો માટે મિટીંગનું આયોજન પણ કરવામાં આવ્યું છે. સંસ્થા દ્વારા સર્વે નગરજનોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

અનામતનો લાભ મળતો ના હોય તેવા વર્ગોને રાજ્ય સરકાર સસ્તી વ્યવસાય લોન આપશે

૨.૫ લાખથી ૭.૫ લાખ સુધી લોન માટે અરજીની છેલ્લી તારીખ ૯મી ઓગષ્ટ : વિવિધ ૩૯ પ્રકારના વ્યવસાય માટે લોન મળશે

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાતમાં જે સમુદાયોને અનામતનો લાભ નથી મળતો તેવા બિન અનામત વર્ગના નાગરિકોને તેમના આર્થિક તથા શૈક્ષણિક વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા ઓછા વ્યાજદરે લોન મળી રહે તે માટેનું આયોજન કર્યું છે. આ માટે બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા વાહન લોન તથા નાના વેપાર-ધંધા માટે વ્યવસાય માટે લોન આપશે. આ માટે તા. ૮મી જુલાઈથી તા. ૯મી ઓગષ્ટ દરમ્યાન નિગમની વેબસાઈટ પરથી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી રહી છે.

બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા જેમને અનામતનો લાભ મળતો નથી તેવા વર્ગના લાભાર્થીઓ માટે ૩૯ પ્રકારના વ્યવસાયનું લિસ્ટ તૈયાર કરવામાં આવ્યું છે. જે માટે રૂ. અઢી લાખથી શરૂ કરીને રૂ. સાડા સાત લાખ સુધીની લોન જે તે વ્યવસાય મુજબ સરકારે નિયત કરેલ મહત્તમ એકમ પડતર આધારિત આપવામાં આવશે. જેની પર મહિલાઓને ૪ ટકા અને પુરૂષોને ૫ ટકા વ્યાજદર પ્રાપ્ત થશે. આ માટે ઓનલાઈન અરજીની પ્રિન્ટ કાઢી અરજદારે નિગમના જિલ્લા મેનેજરની કચેરીએ તા. ૯મી ઓગષ્ટ સુધીમાં મોકલવાની રહેશે. અરજી સાથે કોઈ દસ્તાવેજી પુરાવા મોકલવાના નથી પરંતુ આધાર કાર્ડમાં પહેલીવાર લિંક કરેલું હોય તે જ બેંક ખાતાની વિગતો મોકલવાની રહેશે. આ માટે ગુજરાત બિન શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમમાં સામેલ જાતિના તેજ અરજદારો અરજી કરી શકશે જેમના કુટુંબની આવક મર્યાદા ૬ લાખ કે તેથી ઓછી હશે અને અરજદાર ૧૮ થી ૫૦ વર્ષની વય મર્યાદા ધરાવતો હશે. વાહન લોન માટે અરજદાર જરૂરી લાયસન્સ તથા બેઝ ધરાવતો હોવો જરૂરી છે.

મેરી આવાઝ સુનો કાર્યક્રમ અંતર્ગત જાહેર ઓડિશન યોજાશે

ગાંધીનગર, તા.૧૩

મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો આયોજીત મેરી આવાજ સુનો કાર્યક્રમ દ્વારા ઓડિશનનું આયોજન તા. ૧૪ જુલાઈના રોજ બપોરે ૧૨.૩૯ કલાકે કરવામાં આવ્યું છે. મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો ૧૨૪-સનરાઈઝ આર્કેડ કુડાસણ ખાતે યોજાનાર કાર્યક્રમમાં ભાગ લેનાર કરાઓ કે ટ્રેક શૉ દ્વારા જાહેર ઓડિશન આપી શકશે. સારુ પરફોમન્સ આપનાર કલાકારને સંસ્થા દ્વારા પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવશે. વધુ માહિતી માટે ૯૪૨૭૩૧૮૦૭૩ શ્રવણ પરમાર અને ૮૨૦૦૯૨૧૭૬૬ ભરત વાણિયાનો સંપર્ક કરવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

સે-૧૧ વિજય કોમ્પ્લેક્ષ પાસેથી બાઈક ચોરાયું

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૧ સ્થિત વિજય કોમ્પલેક્ષ આગળ પાર્કિંગમાંથી બાઈક ચોરી થવાની ઘટના બની છે. યુવક સે. ૧૧ ખાતે ખાનગી હોસ્ટેલમાં રહીને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરે છે. અને મૂળ ખેડાનો રાહુલ ચારેલ રહેવાસી છે. ગત તા. ૮ના રોજ રાત્રીના સમયે તે પોતાનું બાઈક નં. જીજે.૦૭.સીસી.૬૮૦૭ નંબરનું પેશર પ્રો બાઈક કોમ્પલેક્ષ આગળ મુકીને સઈ ગયો હતો. બે દિવસ બાદ હોસ્ટેલમાંથી સવારે ૮ વાગે બહાર નીકળ્યો ત્યારે બાઈક ગાયબ હતુ. આસપાસમાં શોધખોળ કરવા છતા કોઈ પત્તો ન લાગતા યુવકે સે. ૭ પોલીસમથકે બાઈક ચોરીની ફરીયાદ નોંધાવી છે.

સેકટર-૨ પ્રાથમિક શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૩

સેકટર-૨ની પ્રાથમિક શાળા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. વિદ્યાર્થીઓએ વૃક્ષોનું વાવેતર કરી તેના ઉછેર તેમજ જતન માટે સંકલ્પ લીધો હતો.

ગુડાના પૂર્વ ચેરમેન આશિષભાઈ દવે, વોર્ડ નં. ૮ના કોર્પોરેટર મનુભાઈ પટેલ, નરેશભાઈ પરમાર, પ્રવિણાબેન વોરાએ વૃક્ષારોપણ કર્યું હતું.

આ પ્રસંગે શહેર ઉપપ્રમુખ મુકેશભાઈ જાની, વોર્ડ નં. ૮ના પ્રમુખ મેહુલભાઈ પટેલ, માયાબેન પટેલ, શહેર વસાહત મહામંડળના ભાનુભાઈ દવે, કિસાન મોરચાના મંત્રી સુરેશભાઈ પટેલ, સુરજીત નાણાવટી, દિપન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સેકટર-૨ના સીનીયર સીટીઝન્સ, યોગેશ્વર પ્રાર્થના ગૃપના તમામ અગ્રણીઓ, વાલીઓ અને વિદ્યાર્થીઓએ આ કાર્યમાં સહયોગ આપ્યો હતો તથા વૃક્ષો ઉછેરવાની પ્રાથમિક જવાબદારી ઉઠાવી હતી.

ચોરીની રીક્ષા અને બાઈક સાથે એક કિશોર ઝડપાયો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલમાંથી તાજેતરમાં રીક્ષા તેમજ સે-૧૧ માંથી બાઈકની ચોરીની ઘટના બનવા પામી હતી. સેકટર-૭ સર્વેલન્સ સ્કવોડના પીએસઆઈ ડી.એસ.રાઓલ અને તેમની ટીમના સભ્યોએ સેકટર-૧૨ ખાતેથી એક કિશોરને ચોરીની રીક્ષા અને બાઈક સાથે પકડી પાડ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ શહેરના સેકટર-૭ સર્વેલન્સ ટીમના સભ્યો સે-૭ પોલીસ મથકના વિસ્તારમાં પેટ્રોલીંગમાં તે સમયે કોન્સ્ટેબલ રતનસિંહ અને દિલિપસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે ચોરી થયેલી રીક્ષા લઈને સેકટર-૧૨ ખાતે એક શખ્સ આવવાનો છે. જેને પગલે પોલીસ વોચમાં હતી તે દરમિયાન જી.જે.૦૨.વી.વી.-૮૯૨૨ નંબરની રીક્ષા રોકતા એક કિશોર ઝડપાયો હતો.જેને પુછપરછ કરતા બીજુ એક બાઈક હીરો પેશન પ્રો જી.જે.૦૭.સી.સી.-૬૮૦૭ ની ચોરી પણ કિશોરે કબુલાત કરી હતી. બંન્ને વાહનોની ચોરી અંગે સેકટર-૭ પોલીસ સ્ટેશનનમાં ગુનો પણ નોંધાયેલો છે. કલોલના બોરીસણા ગામમાં રહેતા નાથાજી શંકરજી ઠાકોર ગતા.૧૦ જુલાઈને રોજ સવારે પોતાની રીક્ષા લઈને ગાંધીનગર સિવિલમાં દાખલ પોતાની દિકરી માટે ચા-નાસ્તો લઈને આવ્યા હતા. સવા આઠ વાગ્યે કેન્ટીન પાસે પાર્ક કરેલી રીક્ષા ગણતરીની મિનિટોમાં ચોરી થઈ હતી. જયારે સેકટર-૧૧ ખાતે હોસ્ટેલમાં રહેતો યુવાન ગત તા.૮ જુલાઈના રોજ બાઈક મુકીને હોસ્ટેલમાં ગયો હતો અને ત્યારબાદ બે દિવસ બાદ નીચે ઉતરીને જોતા બાઈક ગાયબ હતું. આ બંન્ને ચોરી થયેલા વાહનો પોલીસે રીકવર કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

નારીગૃહની બહેનોને સેનિટરી નેપકીન મેકીંગ મશીન અપાયું

અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ સંચાલિત સ્વધાર ગૃહ માતૃછાયા નારીગૃહની બહેનો માટે ડૉ. પ્રતિભા અઠવાલે અને ડૉ. વૈદેહી તલ્લુ દ્વારા દાંતની તપાસણીના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત મહિલાઓના ઉપયોગ અર્થે મીના પ્રભુ દેસાઈ તરફથી ડૉ. પ્રતિભા અઠવાલે દ્વારા બનાવેલ સેનિટરી નેપકીન મેકીંગ મશીન સંસ્થામાં આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં કોર્પોરેટર હર્ષાબા ધાંધલ, ડૉ. ભરતભાઈ પટેલ, ડૉ. અંજનાબેન વેદ, ઉદગમ ટ્રસ્ટના મયુરભાઈ જોષી, શ્રુતિબેન પાલકર, સંસ્થાના ચેરમેન શર્મિષ્ઠાબેન દવે તથા કમિટીની બહેનો સાથે સ્ટાફ હાજર રહ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પલ્લવીબેન ગુપ્તે દ્વારા કરવામાં આવ્યું હતું.

વધતી વસ્તીથી પર્યાવરણને માઠી અસર : હેમંત સુથાર

વિશ્વ વસ્તી દિને રાંધેજા ગૂજરાત વિદ્યાપીઠમાં વસ્તી દિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરના રાંધેજા ખાતે ગૂજરાત વિદ્યાપીઠના ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્રના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા વિશ્વ વસ્તી દિવસ નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં વન વિભાગના નાયબ વન સંરક્ષક હેમંતભાઈ સુથાર દ્વારા 'વસ્તી વિસ્ફોટ અને પર્યાવરણ' વિષયે એમ.બી.એ. કરતા વિદ્યાર્થીઓને સંબોધવામાં આવ્યાં હતા. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે 'વસ્તી વધારાના લીધે વાયુ, જલ, પૃથ્વી, વન, જૈવ વિવિધતા વગેરેની જીવાદોરી સમાન કુદરતી ઘટકો પર ખૂબજ માઠી અસર થવા પામી છે. પર્યાવરણ, વિકાસ અને વસ્તી પારસ્પરિક સંબંધ ધરાવે છે. વસ્તી અને માનવ સર્જિત કારણોના લીધે વિશ્વના પર્યાવરણનીય વિનાશમાં ભારત અગ્રણી ક્રમ ધરાવે છે.

વસ્તી દિવસ નિમિત્તે યોજાયેલા આ કાર્યક્રમમાં સ્વાગત ઉદ્‌બોધનમાં વિભાગના નિયામક રાજીવભાઈ પટેલે કહ્યું હતું કે 'વસ્તી માનવ સંશાધન છે જો તે તાલીમબદ્ધ થઈને કામે લાગી જાય છતાંય જીવન માટે કુદરતી સંપદાનું અસ્તિત્વ જરૂરી છે.' કાર્યક્રમના વક્તા હેમંતભાઈ સુથારે આંકડાકીય માહિતી અને તથ્યો રજૂ કર્યા હતા અને વસ્તી વધારાને કારણે ઉભા થઈ રહેલા પડકારો અંગે ચેતવ્યા હતા. આ સાથે તેમણે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ ચિંધેલ 'ખપ પુરતું વપરાશ અને બધાને પરવડે' તે આજે પણ પ્રસ્તુત હોવાનું જણાવતા જૈન જીવન શૈલીના ઉદાહરણ સાથે જરૂરિયાતો પર અંકુશ સાધવો એ મહત્વનો ઉપાય ગણાવ્યો હતો. આ પ્રસંગે કાર્યક્રમ અધિકારી ડૉ. લોકેશ જૈન ગાંધીજીના ચિંધેલ સર્વોદયના દર્શન સાથે પ્રકૃતિ રહેશે તો વસ્તી ટકશે તેવો મત વ્યક્ત કર્યો હતો.

ચાર્તુમાસના પ્રારંભ સાથે લગ્ન અને માંગલિક કાર્યો બંધ

ગાંધીનગર, તા.૧૩

દેવશયની એકાદશીથી ચાર્તુમાસનો પ્રારંભ થઈ ગયો છે અને તે ૮ નવેમ્બરના રોજ સમાપ્ત થશે. આ ચાર માસ દરમિયાન ભકિત કાર્યો વધુ થશે. ચાર માસ દરમિયાન લગ્ન અને શુભકાર્યો બંધ રહેશે.

હિન્દુ ચાર્તુમાસની શરૂઆત થઈ ગઈ છે અને ભકતોએ ચાર મહિનાના ઉપવાસ કરવાની શરૂઆત પણ કરી દીધી છે અને સન્યાસીના ચર્તુમાસ ગુરૂપૂર્ણિમાથી શરૂ થશે. ચાર્તુમાસ દરમિયાન રક્ષાબંધન, જન્માષ્ટમી, નવરાત્રિ, દિવાળી જેવા તહેવારો પણ આવશે. દેવશયની એકાદશી સાથે ગૌરી વ્રતનો પ્રારંભ થઈ ગયો છે. જયારે આજથી જયા પાર્વતી વ્રતનો પ્રારંભ થશે. ગૌરી વ્રતના પારણા ૧૭ જુલાઈના રોજ અને જયા પાર્વતીના ૧૯ જુલાઈના રોજ થશે. ૧૮ જુલાઈથી મંદિરોમાં હિંડોળાની શરૂઆત થશે. ભગવાન પોઢે તે એકાદશી દેવપોઢી એકાદશી અને ભાદરવા સુદ એકાદશીએ ભગવાન પડખું ફેરવે છે તેને પારવર્તી એકાદશી કહેવાય છે. ૮ નવેમ્બરે ચાર્તુમાસ પૂર્ણ થશે ત્યાર બાદ લગ્નના માંગલિક કાર્યો હાથ ધરાશે.

અમરેલીથી ગાંધીનગર જિલ્લામાં ૬ જવાનોની બદલી

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરમાં ક્રિકેટ સટ્ટાની ખોટી રેઈડના કકળાટમાં ફસાયેલા ગાંધીનગર આર.આર.સેલના ૬ પોલીસ જવાનોની અમરેલી જિલ્લામાં બદલી કરી દેવામાં આવી હતી. જેમાં પાંચ હેડકોન્સ્ટેબલ અને એક કોન્સ્ટેબલનો સમાવેશ થાય છે. જાન્યુઆરી માસમાં અમરેલી બદલી કરીને મુકાયેલા આ જવાનોની પરત ગાંધીનગર ખાતે તેમના મુળ મહેકમ એટલે કે ગાંધીનગર બદલી કરાઈ છે. ડિસેમ્બર-૨૦૧૭ માં સેકટર-૩ ખાતે આર.આર.સેલની ટીમે સટ્ટાની ખોટી રેઈડ કરી કેસની પતાવટ માટે રૂ.૫૦ લાખની માંગ કરાઈ હોવાના આક્ષેપ સાથે કોર્ટમાં ફરીયાદ થઈ હતી. જે કેસની તપાસ એસીબીને સોંપાઈ હતી. વિવાદોને પગલે હેડ કોન્સ્ટેબલ જોગીન્દ્રસિંહ મેહરસિંહ ગેહલાવત, યશવંતસિંહ નટવરસિંહ રાઠોડ, હિતેન્દ્રસિંહ રામસિંહ રાણા, મુકેશસિંહ દલપતસિંહ ચાવડા, રાકેશકુમાર, તેમજ કોન્સ્ટેબલ નાગજીભાઈ બળદેવભાઈ દેસાઈની બદલી જાન્યુઆરી મહિનામાં જ અમરેલી ખાતે કરી દેવાઈ હતી. ત્યારે હવે તેઓને ફરીથી તેમના મુળ મહેકમ એટલે કે ગાંધીનગર જિલ્લામાં બદલી કરી દેવાઈ છે.

સ્વામી યોગાનંદ શિશુ વિદ્યાલયમાં સમરસ શાળા પંચાયતની ચૂંટણી

ગાંધીનગર, તા.૧૩

શ્રી સ્વામી યોગાનંદ શિશુ વિદ્યાલય જીઈબી ખાતે સમરસ શાળા પંચાયતની રચના કરવામાં આવી હતી. ચૂંટાયેલા વર્ગ પ્રતિનિધિ તેમજ જી.એસ. અને એલ.આર.ને આચાર્ય જયંતિભાઈ પટેલે શપથ લેવડાવ્યા હતા.

જી.એસ. તરીકે સિંધા રાજદીપ ડી. તેમજ એલ.આર. તરીકે શેખ તમન્ના એચ. ચૂંટાયા હતા. જયારે વર્ગ પ્રતિનિધિ તરીકે ધો-૧માં ઠાકોર સુનિલ અને રાઠોડ પ્રિયા, ધો-૨માં સોલંકી જયવીર અને કબીરા જીનલ, ધો-૩માં લેઉઆ કશ્યપ અને પરમાર સ્નેહા, ધો-૪માં બોળિયા અંકિત અને નાયી તમન્ના, ધો-૫માં સિંધા હર્ષદ અને સિંધા શિલ્પા, ધો-૬માં પ્રજાપતિ તન્વી અને રાઠોડ મહાવીર, ધો-૭માં વાઘેલા મયુરી તેમજ બારિયા મિહિર અને ધો-૮માં ડામોર આશિષ તેમજ પરમાર માહેનૂર ચૂંટાયા હતા.

સમગ્ર ચૂંટણીનું સંચાલન અને આયોજન શ્વેતાબેન પ્રજાપતિએ કર્યું હતું. શાળાના આચાર્ય જયંતીભાઈ વી. પટેલે વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.